# ખેડૂતોને પાક વીમો ચૂકવવામાં સરકાર દ્વારા વિલંબ

## વીમા કંપનીઓને ફાયદો પહોંચાડવાની સરકારની મેલી મુરાદ

ડીસા, તા. ૮

ગુજરાતનાં ખેડૂતોને પાક વીમો ચુકવવામાં સરકાર દ્વારા જાણી જોઈને વિલંબ કરીને અને અસહ્ય કહી શકાય તેવું કમ્મર તોડ ફરજીયાત વીમા પ્રીમિયમ ઉઘરાવીને વીમા કંપનીઓને ફાયદો પહોંચાડવાની સરકારની મેલી મુરાદ ખેડુતો સમજી ગયા છે.




લોકોનાં પરસેવાની કમાણીમાંથી ભરવામાં આવતાં ટેક્ષનાં પૈસેથી મોટા-મોટા તાયફાઓ કરીને જનમેદની ભેગી કરીને ગુજરાતનાં રબ્બર સ્ટેમ્પ મુખ્યમંત્રીશ્રી એ સ્ટેજ પરથી બરાડા પાડીને જૂમલેબાજી કરી હતી કે ગુજરાતનાં તમામ ખેડૂતોને ૧૫મી ઓગષ્ટ સુધીમાં પાક વીમો ચૂકવી દેવામાં આવશે. પરંતુ આજદિન સુધી ખેડૂતોને પાક વીમો મળેલ નથી અને જાણી જોઈને તેમાં સમય પસાર કરવામાં આવી રહ્યો છે. જેમાં સરકારની ચોક્કસ વીમા કંપનીઓને ફાયદો પહોચાડવાની મેલી મુરાદ અને મુખ્યમંત્રીશ્રીની ×અભી બોલા-અભી ફોક× ની નીતિ ગુજરાતનાં ખેડુતો ખુબજ સારી રીતે જાણી ગયા છે. અને આ મુખ્યમંત્રીશ્રીની પ્રશાસનિક અસમર્થતાનો વધું એક પુરાવો છે.

અહિ એ પણ ઉલ્લેખ કરવો જરુરી છે કે આજ મુખ્યમંત્રી રૂપાણીએ થોડા સમય પહેલા મીડિયાનાં કેમેરાઓની સામે હજારો વાલીઓને કહેલું કે ઝમ્જીઈનાં નામે કૌભાંડ આચરી, છેતરપિંડી કરીને બનાસકાંઠા(સમગ્ર ગુજરાતમાં પણ)અનેક સ્કૂલો દ્વારા વાલીઓ પાસેથી ઝમ્જીઈનાં નામે લાખો રૂપિયા ફીના નામે ઉઘરાવામાં આવેલ છે તે પૂરા પૈસા તમામ વાલીઓને પરત મળી જશે. પરંતુ તેને લગભગ એકાદ વર્ષ થવા આવ્યુ છતા કોઈને પુરી રકમ પરત મળી નથી કે ઝમ્જીઈ કૌભાંડ આચરનાર કોઈ પણ સ્કૂલ સામે કડક કાયદાકીય કાર્યવાહી થયેલ નથી.

આવા અનેક ઉદાહરણ છે કે જેમાં ગુજરાતનાં રબ્બર સ્ટેમ્પ મુખ્યમંત્રીશ્રીની અસમર્થતા દેખાય આવે છે.

જો લોકોને છેતરવાનું બંધ નહીં થાય અને ખેડૂતોને ત્વરિત પાક વીમો ચૂકવવામાં નહીં આવે તો આગામી સમયમાં લોકોને ન્યાય અપાવવા અને ખેડૂતોને તેમનો હક અપાવવા આમ આદમી પાર્ટી સરકાર સામે ઉગ્ર આંદોલન કરશે.

# પાલનપુરના હોતાવાડા ગામે સ્વાઈન ફલૂથી વૃધ્ધનું મોત

## જિલ્લામાં સ્વાઇન ફલૂએ અત્યાર સુધીમાં કુલ ૧૭ દર્દીઓનો ભોગ લીધો

બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈનફલૂ કહેર મચાવી રહ્યો છે. જ્યાં વડગામ તાલુકાના હોતાવાડા ગામના દર્દીનું ગુરૂવારે રાત્રે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સ્વાઈનફલૂથી મોત નિપજ્યું હતુ. જેની સાથે જિલ્લાનો કુલ મૃત્યુઆંક ૧૭ થયો છે. જોકે, છેલ્લા એક માસમાં સ્વાઈનફલૂના દર્દીઓમાં ઘટાડો નોંધાઈ રહ્યો હોવાનું આરોગ્ય વિભાગના સુત્રો જણાવી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લા ફરતે સ્વાઈનફલૂની બિમારીએ ભરડો લીધો છે. પાલનપુર, ડીસા, વડગામ, અમીરગઢ, દિયોદર, કાંકરેજ સહિતના પંથકમાંથી દર્દીઓ નોંધાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં વડગામ તાલુકાના હોતાવાડા ગામના રહીમભાઈ ઈબ્રાહિમભાઈ નેદારીયા (ઉ.વ.૭૫)ને તાવ, શરદી, ગળામાં દુઃખાવો થતાં રિપોર્ટ કરાવાયો હતો. જે સ્વાઈનફલૂ પોઝિટીવ આવતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગુરૂવારે રાત્રે તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ.

# પાલનપુરના પત્રકારોએ કન્નડ પત્રકારની હત્યાને વખોડી

## પત્રકારો માટે સલામતીના કાયદા અને રક્ષણ આપવા જિલ્લા કલેકટર, પોલીસવડાને આવેદન અપાયું

કન્નડ પત્રકારની ગોળી મારીને હત્યા કરવામાં આવતાં વિશ્વભરના પત્રકારઆલમમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ચોથી જાગીર ઉપર હૂમલો કરનારા તત્વો સામે પગલા ભરવા તેમજ પત્રકારોની સલામતી અને રક્ષણ માટે કાયદો બનાવવામાં આવે તેવી માંગ સાથે શુક્રવારે પાલનપુર ફિલ્ડ રિપોર્ટસ દ્વારા બનાસકાંઠા જિલ્લા કલેકટર અને પોલીસવડાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.



પાલનપુર ફિલ્ડ રિપોર્ટસ દ્વારા શુક્રવારે જિલ્લા કલેકટર દિલીપ રાણા અને જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જેમાં જણાવાયું હતુ કે, વરિષ્ઠ કન્નડ પત્રકાર અને એકિટવસ્ટ ગૌરી લંકેશની મંગળવારે ૫ સ્ટેમ્બરના રોજ ગોળી મારી હત્કરવામાં આવી હતી. સદગત મહિલા પત્રકાર કન્નડ પત્રિકા લંકેશ મેગેઝિનના તંત્રી હતા. અને સાંપ્રદાયિકતા—કટ્ટરપંથીઓ વિરૂધ્ધ અવાજ ઉઠાવતા હતા. તેમની હત્યા બાદ પત્રકારોની સલામતી અને તેમનાં રક્ષણ પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે. ત્યારે ફિલ્ડ રિપોર્ટસ પાલનપુર આ ઘટનાની સખત શબ્દોમાં ટીકા કરે છે.

આ પ્રકારનો હુમલો ચોથી જાગીર પરનો હુમલો છે. જેને સાંખી લેવાય નહી. આ માટે પત્રકારોની સલામતી માટેના કાયદા ઘડવામાં આવે અને તેમને પુરતુ રક્ષણ આપવામાં આવે તેવી માંગ કરીએ છીએ. આવેદનપત્ર આપતી વખતે ફિલ્ડ રિપોર્ટસના પ્રમુખ સિતાબ કાદરી, સંજય જોષી, નરેશ ચૌહાણ, વિનાદ સુંદેશા, પ્રકાશ વ્યાસ, મોઘજી ચૌધરી, મહેશ પ્રજાપતિ, વિજય જોષી, હરેશ જોષી, રાજેન્દ્ર ધારીવાલ, શૈલેષ પવાર, અખ્તર ચૌહાણ, અંકિત વ્યાસ રણજીતસિંહ હડિયોલ, મુકેશ ઠાકોર ઉપસ્થિત રહી મહિલા પત્રાકારની હત્યાની ઘટનાને વખોડી હતી.

# પ્રાંતિજના પિલુદા ખાતે 'મા નર્મદા મહોત્સવ રથ'નું આગમન



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પિલુદા ખાતે મા નર્મદા રથ આવી પહોચ્યો હતો જેમાં વિધાનસભા અધ્યક્ષ, સાંસદ સહિત ગ્રામજનો દ્વારા મા નર્મદાની આરતી ઉતારવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા મા નર્મદા મહોત્સવનો રંગે-ચંગે પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે ગુજરાતમાં ૮૪માં નર્મદાયાત્રાના રથ ૨૪ જિલ્લા ૭ શહેરો અને ૭૨૦૦ થી પણ વધુ ગામોમાં ફરશે ત્યારે તલોદ તાલુકાનાં ટીબા કંપાથી રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજના બોભા, સીતવાડા, મજરા, ઓરાણ, અનવરપુરા, સાંપડ થઈને પિલુદા ખાતે મા નર્મદાનો રથ આવી પહોંચ્યો હતો. જયાં વિધાનસભા અધ્યક્ષ રમણભાઈ વોરા, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી, તાલુકા પંચાયત સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, વિપુલભાઈ પટેલ, દોલતસિંહ, ભાજપ તાલુકા પ્રમુખ રાજુભાઈ પટેલ સહિત ભાજપ આગેવાનો કાર્યકરો ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને ટીવી સ્ક્રીન ઉપર મા નર્મદા મૈયાના નીરનું મુલ્ય સહિત માહિતગાર થયાં હતાં તો પૂર્વમંત્રી જયસિંહ ચોહાણ તથા અધ્યક્ષ રમણભાઈ વોરા દ્વારા યોજના ઉપર પ્રકાશ પાડયો હતો તો રમણભાઈ વોરા સંવાદ દરમ્યાન બે વાર વિજળી ડુલ થતાં થોડોક વિક્ષેપ પડયો હતો.

# પ્રાંતિજના સોનલબેન મોદીની મહિલા કન્વિનર તરીકે નિમણુંક

સમગ્ર ગુજરાતમાં વસતા મોદી સમાજના વિવિધ રીતે ઓળખતા વહેંચાયેલા મોદી સમાજને એક જુથ કરવા અને સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટની રચના કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે સોમાભાઈ દામોદરદાસ મોદી, મહામંત્રી હસમુખભાઈ પુંજીરામ મોદી, દક્ષિણ ગુજરાતમાંથી ઉપપ્રમુખ પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદી, મધ્ય ગુજરાતમાંથી ઉપપ્રમુખ તરીકે વિનોદભાઈ ભેરુભાઇ મોદી, ખજાનચી સુરેશભાઈ કકલટદાસ મોઢની વરણી કરવામાં આવી છે. ત્યારે તા. ૯-



૯-૨૦૧૭ના રોજ સુરત ખાતે રહેતા ઉપપ્રમુખ પુર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદીને ત્યાં એક મીટીંગ યોજાઇ હતી જેમાં ઉત્તર ગુજરાતમાંથી સાબરકાંઠાના હિંમતનગરના વતની જગદીશભાઈ મોદી (એડવોકેટ)ની કન્વિનર તથા પ્રાંતિજના સોનલબેન પંકજભાઈ મોદીની સાબરકાંઠા મહિલા કન્વિનર તરીકે સર્વાનુમતે નિમણુક થતાં પ્રાંતિજ- હિંમતનગરના મોદી સમાજના લોકોમાં ખુશી જોવાં મળી હતી અને જગદીશભાઈ મોદી અને સોનલબેન મોદીને સમાજના લોકોએ અભિનંદન સહિત શુભેચ્છાઓ પાઠવી હતી.

# મહેસાણા જિલ્લાના ૩૫૩૪ વિદ્યાર્થીઓને નમો-ઇ ટેબ્લેટનું વિતરણ કરાયું

મહેસાણા, તા. ૭

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મહેસાણા જિલ્લામાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે અર્બન સાયન્સ કોલેજ નાગલપુર ખાતે નમો-ઈ-ટેબ વિતરણ સમારોહ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મહેસાણા જિલ્લાની ૨૬ કોલેજોના ૩૫૩૪ જેટલા વિદ્યાર્થીઓને ઈ-ટેબ આપવામાં આવ્યું હતું.

શિક્ષણ વિભાગ દ્વારા રાજ્ય સરકારની નમો-ઇ-ટેબની યોજના અમલમાં મુકી છે. આ યોજના અંતર્ગત ધોરણ ૧૨ પાસ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાની બ્રાન્ડના રૂ. ૮૦૦૦ની કિંમતના ઈ-ટેબ રૂ.૧૦૦૦ની નજીવી કિંમતે આપવામાં આવે છે. રોજગારલક્ષી અભિગમ ધરાવતી રાજ્ય સરકાર યુવોનોની ક્ષમતાના વિકાસના દઢ્ઢ નિર્ધાર સાથે આગળ વધી રહી છે.

નમો-ઈ-ટેબ-ન્યુ એવન્યુઝ ઓફ મોર્ડન એજ્યુકેશન થ્રુ ટેબ્લેટનું નામ આપવામાં આવ્યું છે. આ ઈ-ટેબમાં સરકાર દ્વારા કોલેજના પ્રથમ વર્ષમાં દાખલ થનાર સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦ની ટોકન કિંમતે ટેબ્લેટ આપવામાં આવનાર છે. જે માટે સરકારે ૨૦૦ કરોડ રૂપિયાનું બજેટ પણ ફાળવ્યું છે. રૂ. ૮૦૦૦ ની કિંમતનું આ ઈ-ટેબ અત્યાધુનિક ફિચર્સ ધરાવે છે. જેમાં ૭ ઈંચ એચ.ડી ડીસ્પલે,૧.૩ જી.એચ.ઝેડ કોર પ્રોસેસર, ૧ જી.બી રેમ, ૩૪૫૦ એમ.એ.એચ બેટરી, ૮ જી.બી ઈન્ટરનલ અને ૬૪ જી.બી એકટર્નલ મેમરી, ૩૦૦ ગ્રામ વજન, સીંગલ સીમ વોઈસ કોલીંગ, ડ્યુએલ કેમેરા અને એન્ડ્રોઈડનું ૫.૧ લોલીપોપ વર્ઝન




આપેલ છે.

સાંસદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે શૈક્ષણિક ક્ષેત્રે ડિજીટલ ક્રાંતિ આવી રહી છે. રાજ્ય સરકારે જ્ઞાનકુંજ પ્રોજેકટના માધ્યમથી ધોરણ ૭ અને ૮ ના વિધાર્થીઓ માટે ૩૨ કરોડના બજેટથી ડિજીટલ વર્ગો શરૂ કરાયા છે. સાંસદે અટલ ઈનોવેશન આઈડીયા અંતર્ગત જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ અને વિદ્યાર્થીઓને ભાગ લેવા અપીલ કરી હતી.

# મોડાસાની સત્યમ સ્કૂલમા ઉમંગભેર શિક્ષક દિનની ઉજવણી

અરવલ્લી જિલ્લાની વિવિધ સ્કૂલોમાં વિદ્યાર્થીઓએ શિક્ષક બની શિક્ષણ કાર્ય કરાવ્યું હતુ અને શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. મોડાસાની સત્યમ સ્કૂલમાં વિદ્યાર્થીઓ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકામાં પૂર્ણ તૈયારી સાથે વર્ગ ખંડોમાં જઈ આખો દિવસ શિક્ષણ કાર્ય કર્યુ હતું. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મહાન કેળવણીકાર ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં શિક્ષક દિનની ઉજવણી પરંપરાગત રીતે શિક્ષક દિનના રૂપમાં ઉજવવામાં આવે છે. જે તે વિષયની પુરી તૈયારીઓ સાથે આવીને વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શિક્ષણ સાથે ઈતર પ્રવૃત્તિઓ પણ કરાવી હતી. ભાગ લેનાર તમામ છાત્રોને આચાર્ય અને સ્ટાફે અભિનંદન આપ્યા હતા.

# પાલનપુરમાં યુવતીને નોકરીના બહાને દુષ્કર્મ કરી વિડીયો ઉતાર્યો

પાલનપુર માનસરોવર નજીક રહેતી એક યુવતીને કુંભાસણ ગામના યુવકે નોકરી આપવાના બહાને રૂ.૧.૫૫ લાખ પડાવી ભૂવા



પાસે લઈ જઈ ભૂવાના કહેવા પ્રમાણે યુવતી ઉપર દુષ્કર્મ આચર્યુ હતુ.જેથી યુવતીએ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં પાંચ શખસો સામે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુરમાં માનસરોવર વિસ્તારમાં રહેતી યુવતીને દોઢ માસ અગાઉ કુંભાસણ ગામે રહેતા રાહુલ ઈશ્વરભાઈ ગેલોતરએ નોકરીની લાલચ આપી તેની પાસેથી રૂ.૧,૨૫,૦૦૦ લીધા હતા.તેમજ રાહુલ ગલોતરે માનસરોવર વિસ્તારમાં રહેતી યુવતીને નોકરી આપવાના બહાને યુવતી સાથે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચરી નગ્ન વિડીયો ઉતારી બ્લેકમેઈલ કરવાની ધમકી આપી હતી.અને વધુ બે લાખની માગણી કરી હતીઆરોપી રાહુલ ગેલોતર, મુકતલીમ ઉર્ફે મુકો ઉસ્માનભાઈ માછલીયા (મુમન),યાસીન ગુલામરસુલ માછલીયા (યાસીનચાચા ડાંગીયાવાળા) (રહે. બંન્ને રહે.જામપુરા પાલનપુર) ઈકો ગાડી લઈ યુવતીના ઘરે આવ્યા હતા.અને ઈકો ગાડીમાં બેસાડી યાસીન માછલીયાના ઘરે લઈ ગયા હતા તે સમયે ભૂવો અને સેવક ઘરે હાજર હતા. યુવતીને મંત્ર શિખવાડી પોતાની સાથે ખરાબ કામ કરવાની માગણી કરી અડપલા કર્યા હતા.જેથી યુવતીએ ના પાડતા ત્યારબાદ રાહુલ ગેલોતરે યુવતીને બળજબરી પૂર્વક રુમમાં લઈ જઈ સેવકની હાજરીમાં દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનુ કૃત્ય આચરી જાનથી મારી નાખવાની ધમકી આપી વધુ રૂ.૩૦,૦૦૦ બળજબરી પૂર્વક કાઢી લેતાં યુવતીએ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ત્રણ વ્યકિતઓ સામે નામ જોગ અને એક ભૂવા અને સેવક સહિત પાંચ શખસો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેયની અટકાયત કરી વધુ તપાસ હાથધરી છે.

# અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં શિક્ષકોના પગારપત્રના નામે શિક્ષક દીઠ ૧૦૦ લેવાતા હોવાની બૂમ

અરવલ્લી,તા. ૮

અરવલ્લી જિલ્લામાં શિક્ષણ ખાડે ગયું હોવાની સાથે શિક્ષણમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અને શિક્ષકોથી લઈને પટાવાળાની ભરતી અને બદલીઓમાં પણ મોટા પાયે ખાયકી કરવામાં આવતી હોવાની જિલ્લાના શિક્ષણ જગતમાં અનેકવાર બૂમો ઉઠી રહી છે. ત્યારે રાજ્યસરકારે લાગુ કરેલા સાતમા પગારપંચમાં પગારમાં વધારો થતા શિક્ષકોના પગારપત્રકમાં પગારની ગણતરી માટે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં એક શિક્ષક દીઠ ૧૦૦ રૂપિયાનું ઉઘરાણું કરવામાં આવતી હોવાની શિક્ષણ આલમમાં ચર્ચા એ જોર પકડાતા હલચલ મચી છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર દ્વારા લાગુ પડાયેલ સાતમા પગાર પંચનો લાભ લેવા માટે હાલમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ફરજ બજાવતા શિક્ષકોને કેટલો પગાર મળી રહ્યો છે તેની ગણતરી કરી જે તે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા સરકારમાં મોકલી આપવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યોને મૌખિક પગાર બિલ ગણતરી પેટે એક શિક્ષક દીઠ ૧૦૦ રૂપિયા મોકલી આપવાનું જણાવતા અને કેટલાક આચાર્યોદ્વારા શિક્ષકો પાસેથી ૧૦૦ રૂપિયા ઉઘરાવી મોકલી પણ આપવામાં આવ્યા છે ત્યારે શિક્ષકો પાસેથી પગારબીલની ગણતરીના ૧૦૦ ઉઘરાવતા કચવાટ જોવા મળી રહ્યો છે કેટલાક સિદ્ધાંતવાદી આચાર્યો ના છૂટકે પણ શિક્ષણાધિકારી કચેરીના મૌખિક સૂચનનો અમલ કરવાની ફરજ પડતા ભારે રોષ ફાટી નીકળ્યો છે. અરવલ્લી જિલ્લામાં શિક્ષણ જગતમાં ચર્ચા મુજબ અંદાજે ૧૫૦૦થી વધુ શિક્ષકો માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ફરજ બજાવતા હોવાથી અંદાજે ૧૫૦૦૦૦ રૂપિયા જેટલી રકમનો ભ્રષ્ટાચારને અંજામ આપવાની ઘટના ટોક ઓફ ટાઉન બની છે ત્યારે ગેરકાયદેસર ઉઘરાણું કરતા જવાબદાર લોકો સામે જિલ્લા વહીવટી અધિકારી દ્વારા યોગ્ય પગલાં ભરવાની માંગ પ્રબળ બની છે.

# ધાનેરાની હોટલ કારગિલ પાસેથી ટ્રકની ઉઠાંતરી



## ધાનેરા પોલીસે ટ્રક સહીત આરોપીને ઝડપી પાડ્યા

ધાનેરામાં હોટલ કારગિલ પાસેથી કોઈ અજાણ્યા ઈસમો ટ્રક (હાઈવો) ની ચોરી કરી જતા માલિકે અંજન્ય ઈસમો ધાનેરા પોલીસ મથક માં ફરિયાદ નોંધાવતા ધાનેરા પોલીસે ગણતરીના કલાકોમાં તર્ક સહીત આરોપી ને ઝડપી પડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

રાજેસ્થાનના નરસિંહભાઈ કેશભાઈ રબારી જે ધાનેરા ની કારગિલ હોટલ આગળ પોતાની ટ્રક(હાઈવો) નંબર આર જે ૧૬ સીએ ૩૫૩૮ પાર્ક કરી હોટલ માં જમવા ગયા હતા તે સમયે કોઈ અજાણ્યા ઈસમો આવી આ ટ્રક ચોરી ગયા હતા જયારે નરસિંહભાઈ હોટલ માંથી બહાર આવ્યા અને પોતાની ગાડી ન દેખાતા તે ગભરાઈ ગયા અને પોતાની ગાડી ની શોધખોળ હાથ ધરી હતી પરંતુ ગાડી ના કોઈ સમાચાર ન મળતા તે આખરે ધાનેરા પોલીસ મથક માં જઈ જાણ કરતા ધાનેરા પોલીસ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી ચારે બાજુ નાકાબંધી કરી ગાડી ની શોધખોળ હાથ ધરી હતી ત્યારે ધાનેરા નાંદલા રોડ પર મુકેશભાઈ બાબુભાઈ માજીરાણા ગાડી લઈ જય રહ્યા હતા તે સમયે પોલીસે મુકેશ ને ઝડપી પડ્યો હતો ત્યારે અન્ય આરોપી ગાડી માંથી કૂદી ફરાર થઈ જવામાં સફળ થયા હતા અત્યારે ધાનેરા પોલીસે એક આરોપી સહીત ગાડી ઉપર કબજો મેળવી અન્ય ફરાર આરોપી ને પકડવાના ચાકરી ગતિમાન કર્યા છે.